ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# ગુજરાતની વસતી ૬.૫૧ કરોડ દેશનું દસમું સૌથી મોટું રાજ્ય

## ગીરના સિંહો આઠ જિલ્લાના ૨૦,૦૦૦ ચોરસ કિલોમીટરમાં ફેલાયેલા છે

૨૦૧૧ની છેલ્લી વસતી ગણતરી પ્રમાણે ગુજરાતની વસતી ૬.૦૩ કરોડ નોંધવામાં આવી હતી, હવે રાજયના પોપ્યુલેશન પ્રોજકશન રિપોર્ટ કરીને ગુજરાતના પાટનગર ગાંધીનગરમાં ઝૂંપડપટ્ટીએ તેનું સ્થાન મજબૂત બનાવ્યું છે. રાજયના આઠ મહાનગરોના અભ્યાસ પ્રમાણે કુલ ૩૨.૮૦ લાખ



માર્ચ૨૦૧૫માં ગુજરાતની વસતી ૬,૫૧,૦૫,૨૩૭ થઈ છે. એટલે કે આપણે સાડા છ કરોડ થઈ ગયા




છીએ. ૨૦૧૪માં રાજયની વસતી ૬.૩૮ કરોડ હતી. એનો અર્થ એ થયો કે એક વર્ષમાં ૧૩ લાખનો વસતી વધારો થયો છે. સાડા છ કરોડની વસતી સાથે ગુજરાત વસતી વધારા સાથે ભારતનું દસમું મોટું રાજય બની ચૂક્યું છે. આજે પણ અમદાવાદ એ સૌથી વધુ વસતી ધરાવતું રાજયનું પહેલું શહેર છે. તે પછી સુરત, વડોદરા અને રાજકોટનો ક્રમ આવે છે. ગુજરાતનો સેક્સ રેશિયો એક હજાર પુરૂષે ૯૧૮ સ્ત્રીનો છે...

**ગરીબો તો હજી ઠેર ના ઠેર છે ...**

શહેરી ગરીબો માટેની અનેકવિધ યોજનાઓ છતાં ગુજરાતમાં હજી ઝૂંપડા નાબૂદ થયા નથી. ખાસ ઝૂંપડા આવેલા છે જે ૧૭૬૫ વસાહતોમાં ફેલાયેલા છે. ઝૂંપડાની જગ્યાએ પાકા મકાનો બનાવી આપવાની સરકારી યોજના ચાલે છે પરંતુ ગાંધીનગરમાં હજી

### પાટનગરના ઝૂંપડા ખસ્યા નથી, પાકા આવાસોની યોજના હજી દૂર છે

એકપણ ઝૂંપડાને પાકું આવાસ મળી શક્યું નથી. ગાંધીનગરમાં સૌથી ઓછા ૨૭૫૮ ઝૂંપડા છે છતાં આ વસતીને પાકા મકાનો નસીબ થયા નથી. સરકારે

### સરકારમાં શું ચાલે છે, ૧૭,૬૦૦ કરોડના વેરા વસૂલ કેમ થતા નથી

અત્યાર સુધીમાં પાંચ મહાનગરોમાં ૪૮,૯૪૯ પાકા મકાનો બનાવ્યા છે અને ૮૧,૯૪૧ બનાવેલા આવાસો હજી ફાળવ્યા નથી, આમ છતાં આઠ શહેરોમાં હજી ૨.૪૬ લાખ પાકા આવાસ બનાવવાના બાકી છે...

**દેશમાં એક મિનિટમાં ૫૧ નવા જન્મ ...**

ગુજરાતની સાથે સાથે ભારતની વસતીમાં પણ વધારો થયો છે. માર્ચ૨૦૧૫ના રોજ ભારતની વસતી વધીને ૧.૨૮ અબજ થવા જાય છે, જે ૨૦૧૪માં ૧.૨૭ અબજ હતી. દરવર્ષે સરેરાશ એક કરોડ લોકોનો ઉમેરો થાય છે. જો કે ભારતનો સેક્સ રેશિયો ગુજરાત કરતાં વધારે છે. ભારતમાં પ્રતિ એક હજાર

● અનુસંધાન પાન-૭ પર

# નામનિર્દિષ્ટ અધિકારીના ચુકાદાને પડકારવા કોંગ્રેસની કવાયત તેજ

## ભાજપ સામાન્ય સભાની બેઠક બોલાવવા મક્કમ

ગાંધીનગર, તા. ૧૨

મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓના પક્ષાંતર ધારા ભંગના કેસમાં નામનિર્દિષ્ટ અધિકારીના ચુકાદાને વડી અદાલતમાં પડકારવા માટે કોંગ્રેસ પક્ષે તેની કવાયત વેગીલી બનાવી છે.

તાજેતરમાં જ નામનિર્દિષ્ટ અધિકારીએ તેમના ચુકાદામાં વિવાદી અરજી નામંજૂર કરતાં હવે કોંગ્રેસ પક્ષ દ્વારા તેને વડી અદાલતમાં પડકારવામાં આવશે. આ માટેની તૈયારીઓ અને કાનૂન વિદો સાથે બેઠકોનો દોર ચાલી રહ્યાનું પક્ષના સૂત્રોમાંથી મળેલ છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના મેયરશ્રી મહેન્દ્રસિંહ રાણા અને તેમના બે સાથીઓ વિધાનસભાની ચૂંટણીઓ પૂર્વે કોંગ્રેસ સાથે છેડો ફાડી ભાજપમાં જોડાયા હતા. બે વર્ષથી તેઓ આ જંગનો મુકાબલો કરી રહ્યા છે.

ગાંધીનગર મહાનગર પાલિકામાં કોંગ્રેસ પક્ષના કાઉન્સીલરો નામનિર્દિષ્ટ અધિકારીના ચુકાદા બાદ લીગલ સેલના કન્વીનર શ્રી માંગુકિયા તથા પ્રદેશ આગેવાનોને મળ્યા હતા. આ બેઠકમાં ચુકાદાનો અભ્યાસ કરી અને આગળની કાર્યવાહી કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હોવાનું જાણવા મળેલ છે.

આ ચુકાદાને પડકારવા માટે કાનૂન વિદો સાથે મંત્રણાનો દોર ચાલી રહ્યો છે અને એકાદ-બે દિવસમાં આ અંગેનું ચિત્ર સ્પષ્ટ થશે તેમ મનાઈ રહ્યું છે. બીજી તરફ ભાજપે હવે સામાન્ય સભા યોજવા માટેની દિશામાં પણ ચક્રો ગતિમાન કરી દીધા છે.

૧લી મે ની આસપાસ આ સામાન્ય સભાની બેઠક મળશે તેમ મનાઈ રહ્યુ છે. જેમાં મેયર, ડે. મેયર અને સ્ટેન્ડીંગ કમિટીની ચૂંટણી પ્રક્રિયા હાથ ધરવામાં આવશે.

# ગાંધીનગર શહેર માટે કોંગ્રેસે ત્રણ નિરીક્ષકોની નિયુક્તી કરી

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર શહેરમાં કોંગ્રેસ પક્ષના સંગઠ્ઠન માટે ૩ નિરીક્ષકોની નિમણુંક આજે પ્રદેશ સમિતિ દ્વારા કરવામાં આવી છે તેમ પક્ષના પ્રવક્તા શ્રી નિશીથ વ્યાસે એક નિવેદનમાં જણાવ્યુ છે.

રાજ્યના ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં આ નિરીક્ષકો સંગઠ્ઠન સહિતની કામગીરી કરશે. ગાંધીનગર શહેર માટે નિમાયેલા નિરીક્ષકોમાં ધારાસભ્ય અમીતભાઈ ચૌધરી, શ્રીમતિ માયાબેન દવે અને શ્રી અશ્વિન પરમારની નિયુક્તી કરવામાં આવી છે.

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના મહામંત્રી અને પ્રવક્તાશ્રી નિશિત વ્યાસે આજ રોજ ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં કોંગ્રેસ પક્ષના સંગઠન માટે કો-ઓર્ડીનેશન કમિટી જાહેર કરતાં જણાવ્યું હતું કે, ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા રાજ્યની ૮ મહાનગરપાલિકા વિસ્તારમાં પક્ષનું સંગઠન સુદઢ કરવા અને આગામી ચૂંટણીઓને ધ્યાનમાં લઈ શહેરી કક્ષાએ સંકલન માટે દરેક મહાનગરપાલિકામાં વરિષ્ઠ મહાનગરપાલિકા કો-ઓર્ડીનેશન કમીટીના વરિષ્ઠ આગેવાનો આગામી દિવસોમાં સ્થાનિક સંગઠન સાથે સંકલન કરીને આગામી કાર્યક્રમોને સુનિશ્ચિત કરશે.

# મતદારયાદી શુદ્ધતા કાર્યક્રમને પ્રચંડ પ્રતિસાદ

## ચુંટણીકાર્ડમાંની ભુલો સુધારવા સૌથી વધુ ફોર્મ ભરાયા, મતદારયાદીમાં નામ નોંધાવા યુવાનોનો ઉત્સાહ વર્તાયો

ગાંધીનગર, તા. ૧૨

ભારતના ચુંટણી પંચે દેશની મતદારયાદીની શુદ્ધતા અને અધિકૃતતા માટે ગુજરાતમાં રવિવારના રોજ કાર્યક્રમ રાખ્યો હતો. રાજ્યના વિધાનસભા વિસ્તારના મતદાન મથકોએ સવારે ૧૦.૩૦થી આ કાર્યવાહી શરૂ થઈ ગઈ હતી. જેમાં ગાંધીનગરમાં નાગરીકોએ પોતાની સમસ્યા અંગેના નિવારણ માટે સવારથી જ ઉત્સાહ દાખવ્યો હતો. જે કારણે તમામ મતદાન મથકોએ નાગરીકોની નોંધપાત્ર હાજરી વર્તાતી હતી. આ કાર્યક્રમમાં ચુંટણી કાર્ડમાં ભુલો માટે સૌથી વધુ ફોર્મ ભરાયા હતા. જ્યારે સૌ પ્રથમ વખત મતદાન કરવા માટે મતદારયાદીમાં નામ નોંધાવા યુવાનો આ સ્થળોએ ઉમટી પડી ફોર્મ ભર્યા હતા. ચુંટણી પંચના આ કાર્યક્રમને નાગરીકોએ આવકારી પડતી સમસ્યાનો ઉકેલ લાવ્યા હોવાનો સંતોષ વ્યક્ત કર્યો હતો.

રાષ્ટ્રીય મતદારયાદી શુદ્ધતા અને અધિકૃતતા અંગેની ભારતના ચુંટણી પંચની રવિવારની ખાસ ઝુંબેશ રાજ્યભરમાં આવકારદાયક બની છે. નાગરીકોના મતદારયાદીમાં નામથી શરૂ કરીને ચુંટણી કાર્ડમાં ભુલો તેમને અનેક સરકારી કાર્યવાહી કે અન્ય ઠેકાણે ભારે મુશ્કેલીરૂપ બની હતી. જેના સમાધાન સ્વરૂપે નજીકની કલેક્ટર કચેરી, પ્રાંત કચેરી મામલતદાર કચેરી ખાતે પણ પરત આપી શકવાની સગવડ પણ ઉપલબ્ધ બનતા નાગરીકોમાં ભારે હાશકારાની લાગણી જન્મી હતી.



(તસવીર : કશ્યપ નિમાવત)



(તસવીર : ધર્મેન્દ્ર મહેતા)

ચુંટણીપંચે અલગ અલગ ફોર્મ ભરાવી ચોક્કસ કામગીરી અને એકદમ શુદ્ધ ચુંટણીકાર્ડ ઉપલબ્ધ કરાવવાનો જે પ્રયાસ કર્યો છે તે નાગરીકોમાં સરાહનીય બન્યો હતો. વધુમાં આ ફોર્મ તરત જ ભરીને આપવુ અનિવાર્ય ન હતુ જે બાદમાં વખત મતદારયાદીમાં નામ હોય તો તે રદ કરવા ફોમ નં. ૭ ભરાયા હતા. જ્યારે મતદારયાદીમાં નામ નોંધાવા માટે ફોર્મ નં. ૬ ભરાયા હતા. જેમાં યુવાનો વધુ જોડાયા હતા.

ગાંધીનગરના તમામ મતદાન મથકોએ સવારથી નાગરીકોએ ઉત્સાહ દાખવી અલગ અલગ ફોર્મ ભર્યા હતા તો કેટલાક ફોર્મ લઈ ગયા હતા. જેમાં મતદારયાદીમાં નામમાં ભુલ હોય તો તે માટે ફોર્મ નં. ૮નું ફોર્મ ભરાયુ હતુ. એકથી વધુ મત વિભાગમાં એકથી વધુ

ચુંટણીકાર્ડમાં ભુલો સુધારવા માટેનું ફોર્મ ૮ કલેક્ટર કચેરીના મતદાર સુવિધા કેન્દ્ર અથવા ઈગ્રામ સેન્ટર ઉપર ફોર્મ ભરી શકાય તેવી સુવિધા ઉપલબ્ધ બની છે. દરમ્યાન બુથ લેવલ અધિકારી દ્વારા તા. ૧૫-૪-૨૦૧૫થી ૧૫-૬-૨૦૧૫ સુધી ઘેર ઘેર ફરીને મતદારયાદીની ચકાસણી કરશે. આ તમામ બાબતો સહિતની સુવિધા અંગેની ૧૯૫૦ ટોલ ફ્રી નંબર ઉપરથી જાણકારી પ્રાપ્ત થઈ શકશે. વધુમાં આધાર નંબર પણ મતદારયાદી સાથે જોડવા માટે પણ મતદાન મથકોએ સુવિધા ઉપલબ્ધ બની હતી. આમ મતદારોની મુંઝવતી સમસ્યાઓનું ચૂંટણી પંચે નિવારણ લાવવા જે હાલમાં ઝુંબેશ હાથ ધરી છે. મતદાતાઓમાં શ્રેષ્ઠ કામગીરીનું કારણ બન્યુ છે.

# શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ પડતર પ્રશ્નો સંદર્ભે આંદોલનની રાહ અપનાવશે

## શિક્ષકોને નોકરીનું રક્ષણ, ઉચ્ચ પગાર ધોરણ ટ્રીપલ સીની પરીક્ષામાંથી મુકિત આપવા સહીતના પ્રશ્નો અંગે રજુઆત

ગાંધીનગર, તા.૧૨

ગુજરાત રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિ શિક્ષકો તેમજ વહીવટી કર્મચારીઓના પ્રશ્નોના નિકાલ માટે ગાંધી ચિધ્યા માર્ગે આંદોલન કરશે.

રાજય આચાર્ય સંઘના પ્રમુખ પ્રવિણસિંહ સોલંકી તેમજ રાજય શાળા સંચાલક મહામંડળના પ્રમુખ અંબુભાઈ પટેલ તેમજ રાજય ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘ મહામંડળના પ્રમુખ પંકજભાઈ પટેલે જણાવ્યું હતું કે પાંચેય સંઘોને અનુલક્ષી રાજય શૈક્ષણિક સંઘ સંકલન સમિતિની બેઠક ગાંધીનગર ખાતે મળી હતી. આ બેઠક દરમિયાન ૩૦ જૂન ૧૯૯૮ બાદ નિમાયેલા ગ્રાન્ટ ઈન એઈડ

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગરમાં વધતા આપઘાતના બનાવો ચિંતાજનક બન્યા છે

## તમારી લાઈફ સ્ટાઈલ તમને આપઘાત તરફ ખેંચી ન જાય તે દેખજો...! જિલ્લામાં પાંચ વર્ષમાં ૮૧૪ વ્યકિતઓએ પોતાની અમુલ્ય જિંદગી ટુંકાવી : હાઈ લાઈફ સ્ટાઈલ અને કમ્પેરીઝનની વૃત્તિને કારણે તણાવની દુનિયામાં વ્યકિતઓ ગરકાવ થઈ જાય છે ને અંતિમ પગલું ભરે છે

ગાંધીનગર, તા.૧૨

ફાસ્ટ લાઈફ, હાઈ લાઈફ સ્ટાઈલ, કમ્પેરીઝન અને રાતો રાત ધનવાન બનવાની વૃત્તિ જેવા મુખ્ય કારણોને લીધે હતાશા અને નિરાશાનો ભોગ બની તણાવની દુનિયામાં ગરકાવ થઈ ગયેલી વ્યકિતઓના સંખ્યાબંધ દાખલાઓ ગાંધીનગરમાં છે જેને પગલે આ વ્યકિતઓને છેલ્લે એક જ રસ્તો દેખાય છે...આપઘાત..! જો આવી વ્યકિતઓને સમયસર મનોચિકિત્સકોની સલાહ કે મિત્રો-સ્વજનોનું યોગ્ય માર્ગદર્શન ન મળે તો તે જીંદગી ટુંકાવી લેવાનું આકરૂ પગલું ભરતા પણ અચકાતા નથી.



ગાંધીનગર શહેરમાં તથા જિલ્લા વિસ્તારમાં બનેલા આપઘાતનાં બનાવોને જોતા ખુબ જ ચિંતાજનક આંકડાઓ બહાર આવ્યા છે. છેલ્લા પાંચ વર્ષમાં જિલ્લામાંથી ૮૧૪ વ્યકિતઓએ આપઘાત કરી લીધા હોવાનું પોલીસ ચોપડે નોંધાવા પામ્યું છે. જે સ્ટ્રેસફુલ લાઈફ જીવતી વ્યકિતઓ માટે લાલ બત્તી સમાન છે.

ગાંધીનગર જિલ્લામાં છેલ્લા પાંચ વર્ષમાં થયેલા આપઘાતના બનાવો ખુબ જ ચિંતાજનક બન્યા છે.૨૦૦૯-૧૦માં ૧૪૨, ૨૦૧૦-૧૧માં ૧૭૮, ૨૦૧૧-૧૨માં ૧૫૨, ૨૦૧૨-૧૩માં ૧૮૧ અને વર્ષ ૨૦૧૩-૧૪માં ૧૬૧ વ્યકિતઓ મળીને વર્ષ ૨૦૦૯થી ૨૦૧૪ સુધીમાં ૮૧૪ વ્યકિતએ આપઘાત કર્યો હોવાના ચોંકાવનાર આંકડા પોલીસ ચોપડે નોંધાવા પામ્યા છે. સહન શકિતનો અભાવ મોંઘવારી, પ્રેમમાં નિષ્ફળતા, દેવું, પરિક્ષામાં નીચું પરિણામ, વૈવાહિક જીવનમાં વિચ્છેદ, ઘરકંકાસ, નબળી આર્થિક સ્થિતિ, ફાસ્ટ લાઈફ, હાઈ લાઈફ સ્ટાઈલ, કમ્પેરીઝન કરવાની ટેવ, કંપનીઓમાં પ્રાઈવેટાઈઝેશનને લીધે સ્ટ્રેસ સહીતના વિવિધ કારણો ઉપરાંત રાતોરાત ધનવાન બની જવાની વૃત્તિના કારણોસર હતાશાનો ભોગ બનીને તણાવ અને ચિંતાની દુનિયામાં વ્યકિતઓ ગરકાવ થવા લાગ્યા છે. આ તમામ કારણોને પગલે જિલ્લાભરમાંથી સંખ્યાબંધ વ્યકિતઓ માનસિક બિમારીનો ભોગ બની રહ્યા છે અને અંતે જે તેમને મિત્રો પરિવારજનો કે મનો ચિકિત્સકની યોગ્ય સલાહ કે સાંત્વના ન મળે તો તે આપઘાતનું પગલું ભરી લે છે. ગાંધીનગરના જાણીતા મનોચિકિત્સક ડૉ. રાજેન્દ્ર આનંદના જણાવ્યાનુસાર માનસિક અસ્થિરતા, હતાશા, ચિંતા-તણાવ અને ઘરેલુ ઝગડાઓના કિસ્સાઓમાં આપઘાતના બનાવો વધુ જોવા મળે છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે આપઘાત કરતી વ્યકિત તેની નજીકની વ્યકિત કે પરિવારજનોને કોઈને કોઈ વાતે સંકેત આપી દે છે તે બાબતને ગંભીરતાથી લઈને તેને સમયસર મનોચિકિત્સક પાસે લઈ જવામાં આવે તો તેવા કિસ્સામાં વ્યકિત આપઘાત કરવાનો વિચાર ટાળી દે છે...!

**બેસણું**



અમારા પૂજ્ય પિતાશ્રી **વિજયશંકર ચંદ્રશંકર ભટ્ટ**નું તા. ૧૧-૦૪-૨૦૧૫ને શનિવારના રોજ સ્વર્ગવાસ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૩-૦૪-૨૦૧૫ના આજ રોજ સોમવારે સાંજે ૫ થી ૭ કલાકે** અમારા નિવાસસ્થાને રાખેલ છે.

સ્થળ : પ્લોટ નં. ૧૫૩૮/૧, સેક્ટર-૨/સી, ગાંધીનગર

જ્યોત્સ્નાબેન વિજયશંકર ભટ્ટ
કૌશિકભાઈ વિજયશંકર ભટ્ટ
અલ્પાબેન નિમેષભાઈ દવે
હેમાંગ કૌશિકભાઈ ભટ્ટ
ભરતભાઈ મહેશભાઈ ભટ્ટ
જયેશભાઈ મહેશભાઈ ભટ્ટ
નિમેષભાઈ સુરેશભાઈ દવે

સરકારી/અર્ધસરકારી, સંસ્થાકીય, ધાર્મિક તેમજ અન્ય કોઈપણ જાહેર સમારંભ કે પ્રસંગ માટે પ્રચાર પ્રસાર અને સ્વાગત માટેના

હોર્ડીંગ્સ, ગેટ, ટાવર પીલર, બેનર્સ...

અક્ષી

93 761 80003
93 288 9 3535
89 80 10 1515

મંડપ
કેટરીંગ
લાઈટીંગ
ફ્લાવરીંગ

89 80 10 1515
93 761 8000 3
93 28 89 3535

રંગવાલા ડેકોરેટર્સ

ઓફીસ : હવેલી મંદિર પાસે, GHB, MLA રોડ, સેક્ટર-૨૧, ગાંધીનગર.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૯૪૨૬૫ ૦૭૪૫૨, ૮૧૪૦૪ ૬૦૭૬૭

પ્રથમ વાર્ષિક પૂણ્યતીથીએ

અશ્રુભીની શ્રદ્ધાંજલી

એક વર્ષ વીતી ગયું
પણ....મન હજુંય માનતું નથી,
કે... તું અમારી પાસે નથી..
તસવીર જોઈ ને તારી,
આંખો ભીની થાય છે અમારી...
અમ બાલુડાને શાંતી આપજો હે..રાધા રાણી,
બે હાથ જોડી ને પ્રાર્થના છે અમારી...



ચિ. ધાર્મિક
કેતનભાઈ સુખડિયા

નિકુંજવાસ:૧૩-૦૪-૨૦૧૪

શોકાતુર પરિવાર

મુકુંદભાઈ નટવરલાલ સુખડિયા (દાદા)
દિલીપભાઈ નટવરલાલ સુખડિયા (દાદા)
વિશાબેન મુકુંદભાઈ સુખડિયા (દાદી)
જ્યોત્સનાબેન દિલીપભાઈ સુખડિયા (દાદી)
કેતન-બીના (મમ્મી-પપ્પા)
રાજેશકુમાર-અનિતા (ફુવા-ફઈ)
હિરેન-અંકિતા (કાકા-કાકી)
કિરણકુમાર-રૂપલ (ફુવા-ફઈ)
મેહુલ - ધ્રુવીલ - વ્રજ - તક્ષીલ - પ્રતિક - સ્વાતી - ધ્રુવી
તથા નટવરલાલ પિતાંબરદાસ સુખડિયા પરિવાર

ફર્મ : અંબિકા સ્વીટ માર્ટ - સેક્ટર-૧૭, ગાંધીનગર

SANGHI CEMENT
KisaN
ashirvad
C. PVC, UPVC
TATA
STEEL • PIPES • SHEETS
VINAYAK500
TMT BARS - ISI
BENELAVE
BATH FITTINGS
DR.FIXIT

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ

જગદીશ સ્ટીલ સ્ટોર્સ

પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮, ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬

શાખા : સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર. ફોન : ૨૩૨૮૭૮૭૭

સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી એલાઈડ ઓફસેટમાં છાપ્યું, બ્લોક નં. ૬૮૩/૨, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com